Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre**

**[Estb.: Govt. of Gujarat]**

**Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005**

**Phone No.: (0281) 2578501 (Ext. No.429) FAX No.: (0281) 2576347 E-mail Id: dbachair@sauuni.ac.in**

**પરિશિષ્ટ–૫**

# બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫

**BAC/સ્પે.ફેલોશીપ એવોર્ડ/ ૨૦૨૪–૨૫, તા.૦૪/૦૪/૨૦૨૪**

વંચાણે લીધા

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫ /હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૦૪/૦૪/૨૦૨૪ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા સ્થાપિત બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકા મુજબ ચેર–સેન્ટરની સલાહકાર સમિતિની બેઠકમાં થયેલા નિર્ણય અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં M.Phil, Ph.D માં સંશોધન માટે નોંધાયેલા સંશોધકો અને અધ્યાપકો દ્વારા ભારતીય સંવિધાનના નિર્માતા, રાષ્ટ્રપુરુષ બાબાસાહેબ ડૉ. ભીમરાવ રામજી આંબેડકરજીનાં જીવન, કાર્યો અને તત્ત્વજ્ઞાન ઉપર સંશોધન કરનારને ચેર–સેન્ટર દ્વારા નીચેના નિયમો અને શરતો અનુસાર એવોર્ડ / સ્પેશિયલ ફેલોશીપ આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | **યોજનાનું નામ** | : | <u>Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship Award for PG/LLM</u> |
| | **ફેલોશીપની રકમ** | : | રૂા. ૧૦ હજાર (એક વાર) |
| | **ફેલોશીપની સંખ્યા** | : | ૦૫+૦૧ ( કુલ ૦૬) |
| | **લાયકાત** | : | PG અથવા LLM બીજા વર્ષમાં (તૃતીય/ચતુર્થ સેમેસ્ટર)અભ્યાસ કરતા. |
| | **પસંદગીની પદ્ધતિ** | : | ઈન્ટરવ્યૂ દ્વારા પસંદગી |
| ૨. | **યોજનાનું નામ** | : | <u>Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship Award for -Ph.D</u> |
| | **ફેલોશીપની રકમ** | : | રૂા. ૨૦ હજાર (એક વાર) |
| | **ફેલોશીપની સંખ્યા** | : | ૦૨( કુલ ૦૨ ) |
| | **લાયકાત** | : | Ph.D. માં પ્રવેશ મેળવેલા |
| | **પસંદગીની પદ્ધતિ** | : | ઈન્ટરવ્યૂ દ્વારા પસંદગી |

- **અરજી કરવાની પદ્ધતિ :**

(૧) બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની વેબ–સાઈટ પરથી અરજી પત્રક મેળવી સંપૂર્ણ અરજીપત્રક ભરી અને અરજીપત્રમાં દર્શાવેલ નમૂના મુજબની સંશોધન દરખાસ્ત ચેર–સેન્ટરમાં રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા છેલ્લી તારીખ પહેલા પહોંચતી કરવાની રહેશે.

- **અરજી કરવાની છેલ્લી તારીખ :**

(અ) **ચેર–સેન્ટર દ્વારા જાહેર કરવામાં આવશે.**

(બ) **Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship Award for PG/ LLM & Ph.D**

- **સંશોધન માટેનું ક્ષેત્રઃ**

(૧) PG, LLM, Ph.D. ના વિદ્યાર્થીઓએ પોતાના સંશોધનનો વિષય બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન, કાર્યો અને તત્ત્વજ્ઞાનને અનુરૂપ અથવા વૈશ્વિક કે ભારતીય વિદ્વાનોના જીવન, કાર્ય અને તત્ત્વજ્ઞાનનું ડૉ. આંબેડકરજી સાથેના તુલનાત્મક સંશોધનને લગતા લઘુશોધનિબંધ અથવા મહાશોધનિબંધના શીર્ષક પસંદ કરવાના રહેશે. યુનિવર્સિટીમાં આ વિષયો પર PG, LLMના અંતિમ વર્ષમાં લઘુશોધ નિબંધ આપવામાં આવે છે. તેવા વિદ્યાર્થીઓ ઉપર મુજબના વિષયને અનુરૂપ પોતાનું લઘુશોધ નિબંધ તૈયાર કરે તેવો આ યોજના માટે અરજી કરવાને પાત્ર ઠરે છે તથા Ph.D. માટે નોંધાયેલ શીર્ષક ઉપર મુજબના વિષયને અનુરૂપ હોય તેવા શોધછાત્રો જ આ સ્પેશ્યલ ફેલોશીપ માટે અરજી કરી શકશે. આવેલ કુલ દરખાસ્તમાંથી નિયુક્ત પસંદગી સમિતિ દ્વારા રૂબરૂ મુલાકાત યોજી PG માટે ૦૫ (પાંચ), LLM, માટે ૦૧ (એક) અને Ph.D. માટે ૦૨ (બે) સ્પેશ્યલ ફેલોશીપ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવશે. જો કોઈ વિભાગમાં ઓછી અરજી આવે તો અરસ–પરસ ગ્રાન્ટની મર્યાદામાં વિદ્યાર્થીઓને ફેલોશીપની રકમ ફાળવી શકાય.

(૨) **બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર સ્પેશીયલ ફેલોશીપ એવોર્ડ– PG, LLM અને Ph.D માટેના સંશોધન માટેના માર્ગદર્શક બિંદુઓ**

(ક) બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકરનાં કાર્યો–કવનમાંથી નિષ્પન થતું તેમનું તત્ત્વજ્ઞાન અને તેમના વિચારોનું કાર્યાન્વયન.

(ખ) બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર અને અન્ય સામાજિક વિચારકો.

(ગ) ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યમાં કવિઓની કૃતિઓમાં–સાહિત્યમાં સામાજિક સમતા, સમાનતા અને સમરસતા.

(ઘ) ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના બહુ આયામી વ્યક્તિત્વને પ્રકટ કરતાં સંશોધનો.

(ચ) સામાજિક વિકાસમાં પાછળ રહી ગયેલા વર્ગોના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઉત્થાન માટેનું ડૉ.આંબેડકરજીનું દર્શન.

(છ) રાષ્ટ્રપુરુષ બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજી.

(જ) રાષ્ટ્રીય એકતા અને અખંડિતામાં બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીનું પ્રદાન.

(ઝ) ડૉ.આંબેડકરજીના જીવન પ્રસંગોમાંથી નિષ્પન્ન થતું દર્શન.

(ટ) મહુથી દીક્ષાભૂમિ સુધીની ડૉ. આંબેડકરજીની દાર્શનિક સફર.

(ઠ) ડૉ.આંબેડકરજીનું આર્થિક દર્શન.

(ડ) ડૉ.આંબેડકરજીનું સામાજિક ચિંતન.

(ઢ) સમાજિક ઐકેય, સમાનતા, અને સમરસતા માટે પ્રતિનિધિત્વ માટેનું ડૉ.આંબેડકરજીનું દર્શન.

(ણ) રાજનીતિ, રાષ્ટ્રનીતિ અને વિદેશનીતિ ચાણકયથી બાબાસાહેબ ડૉ. આંબેડકરજી સુધી

(ત) સમાજિક ઐકેય, સમાનતા, અને સમરસતામાં રાષ્ટ્રપુરુષોનું યોગદાન.

(થ) સમાજના નબળા વર્ગોના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવન ઉપરના સંશોધન.

(દ) ભારતીય અને વૈશ્વિક વિદ્વાનોના સામાજિક સદ્ભાવ અને રાષ્ટ્રનિર્માણ, સમાજ નિર્માણમાં યોગદાન હોય તેવા મહાનુભાવો પર તથા ભારતીય પ્રસિદ્ધ મહાનુભાવોનું ડૉ.આંબેડકરજી સાથે તુલનાત્મક અધ્યયન જેવા વિષયો પણ રાખી શકાય.

- **સંશોધનનો સમયગાળો :**

(૧) **<u>Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship Award For PG/ LLM & Ph.D.</u>** જે સંશોધકોની આ સ્પેશ્યલ ફેલોશીપ માટે પસંદગી થશે તેવા સંશોધકોએ યુનિવર્સિટી દ્વારા નિયત થયેલા સમયે પોતાનું સંશોધન રજૂ કરશે તેવી બાંયેધરી આપવાની રહેશે.

- **PG/ LLM & Ph.D ફેલોશીપ એવોર્ડ પસંદગીની જાહેરાત**

(૧) **<u>Babasaheb Dr. B.R. Ambedkar Special Fellowship Award For PG/ LLM & Ph.D</u>** માટે પસંદ થયેલા ઉમેદ્‌વારોની યાદી ચેર–સેન્ટરની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

**::સામાન્ય નિયમો ::**

(૧) આ એવોર્ડ યોજના મુજબ નિયત સમયમર્યાદામાં સંશોધન પૂર્ણ કરી સોફ્ટ કોપીમાં અને હાર્ડકોપીની બે નકલ ચેર–સેન્ટરમાં જમા કરાવવાની રહેશે. આ સંશોધનના કોપી–રાઈટના હક્ક ચેર–સેન્ટરના રહેશે તેમજ શોધનિબંધના અંદરના પૃષ્ઠમાં <u>“બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર–રાજકોટના આર્થિક અનુદાન પ્રાપ્ત ”</u> એવું લખાણ લખવાનું રહેશે.

(૨) PG/ LLM / Ph.D માટેના સંશોધકને **Babasaheb Dr. B.R. Ambedkar Special Fellowship Award** એવા નામથી આપવામાં આવશે. આ ફેલોશીપ એવોર્ડ એક વિશેષ પ્રકારના સંશોધન માટેનો હોય તેથી અન્ય સ્કોલરશીપની સાથે લઈ શકશે.

(૩) આ ફેલોશીપ એવોર્ડ દ્વારા થનાર સંશોધન દરમ્યાન સંશોધકે સાહિત્યિકચોરી (Plagiarism) અંગેના નિયમનું પાલન કરવાનું રહેશે અર્થાત્ યુજીસી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધન અંગેના જે નિયમો અને પદ્ધતિ હોય તેનું પાલન કરવાનું રહેશે.

(૪) આ ફેલોશીપ એવોર્ડ પૂર્ણ સમયના PG / LLM / Ph.Dની ડિગ્રીના ભાગ રૂપે તૈયાર કરવામાં આવતા લઘુશોધ નિબંધ અને મહાશોધ નિબંધના વિષયો (શીર્ષક) બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન સબંધિ હોવા જરૂરી છે આ ઉપરાંત ભારતીય અને વૈશ્વિક વિદ્વાનોના સામાજિક સદ્‌ભાવ અને રાષ્ટ્રનિર્માણ, સમાજ નિર્માણમાં યોગદાન હોય તેવા મહાનુભાવો પર તથા ભારતીય પ્રસિદ્ધ મહાનુભાવોનું ડૉ.આંબેડકરજી સાથે તુલનાત્મક અધ્યયન જેવા વિષયો પણ રાખી શકાય.

(૫) એવોર્ડ સ્પેશ્યલ ફેલીશીપ માટે સલાહકાર સમિતિના કોઈપણ ત્રણ સદસ્યશ્રીઓ તથા વિષય નિષ્ણાત સમિતિ દ્વારા પસંદગી પામેલા PG / LLM / Ph.D ના સંશોધકોના બેંક ખાતામાં ફેલોશીપની ચુકવણી યુનિવર્સિટી દ્વારા કોઈપણ પ્રકારના બિલ વગર સંશોધકના બેંક એકાઉન્ટમાં જમા આપવામાં આવશે.

(૭) આ સ્પેશીયલ એવોર્ડ ફેલોશીપની ગ્રાન્ટ ગુજરાત સરકારશ્રીના અનુ.જાતિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા આપવામાં આવતી હોય, તેથી ગુજરાત સરકારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ચેર–સેન્ટરના વખતો–વખતના નિયમો અને શરતો બંધન કરતા રહેશે. આ ઉપરાંત આ નિયમો અને શરતોમાં જરૂર સુધારા બાબતે કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને બંધન કરતાં રહેશે.

ચેરમેન–BAC

Liberty Equality Fraternity

**Babasaheb Dr.B.R.Ambedkar Chair-Centre**

[Estb.: Govt. of Gujarat]

**Saurashtra University,Rajkot.**

**Building No.-09, Second Floor, Saurashtra University Campus-Rajkot-360005 (Gujarat)**

**Phone No.: (0281) 2578501 (Ext. No.429), E-mail Id: dbachair@sauuni.ac.in Web : www.bac.org.in**

**FORMAT FOR SUBMISSION OF PROPOSAL FOR**

**Special Fellowship Award for PG( ) LLM ( ) Ph.D ( ) 2024-25**

## PART – A

1. Subject: ____________________

2. Name : ____________________

3. Sex: M/F ____________________

4. Date of Birth: ____________________

5. Category: (GEN/SC/ST/OBC/EWS) ____________________

6. Qualification: ____________________

7. Address: ____________________

8. Email Id: ____________________ Mob. No.____________________

9. Name of the Department where the Research will be undertaken: ____________________

## PART – B

10 Proposed Research Work:
   - (i) Introduction
   - (ii) Objectives
   - (iii) Methodology
   - (iv) Plan of work and targets to be achieved.

11. Any other information which may like to give in support of this proposal

**To certify that:**

d. I shall complete the Research within the stipulated period. If I fail to do so and if the BAC is not satisfied with the progress of the research the BAC may terminate the Award immediately and ask for the refund of the entire amount released by the Babasaheb Dr. B.R.Ambedkar Chair-Centre Saurashtra University-Rajkot

**Signature** **(Seal)**